सत्य मेव जयते

દાખલ તારીખ: ૧૯/૦૮/૨૦૧૯

નોંધ્યા તારીખ: ૧૯/૦૮/૨૦૧૯

ફેસલ તારીખ: ૩૦/૦૫/૨૦૨૬

સમયગાળો : વર્ષ. માસ. દિવસ.

## –:: FORM–A ::–

| | |
|---|---|
| આંક | |
| કોર્ટનુ નામ | મે. ૧૫ માં એડીશ્નલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૨, મધ્યે, અમદાવાદ શહેર. |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૫/૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ નં. | ૭૬૫૨૪/૨૦૧૯ |
| એફ.આઈ.આરની વિગત. | પાલડી પોલીસે સેકેન્ડ ગુના રજી.નં. ૩૦૫૯/૨૦૧૭ |
| ગુનો | આઈ.પી.સી.ની કલમ–૫૦૬(૧) |
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ.એ.પી.પી.શ્રી વી.બી.સોલંકી |
| આરોપી | રશ્મીકાંત રતીલાલ શાહ.<br>રહે. ૬૦૬, સુષ્ટી ફ્લેટ, સંજીવની હોસ્પિટલની ગલી, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ. |
| આરોપી પક્ષે | વિ.વ.શ્રી.એ.પી.મહેતા. |

## –:: FORM–B ::–

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૫/૦૭/૨૦૧૯ |
| એફ.આઈ.આર.તારીખ | ૨૫/૦૭/૨૦૧૯ |
| ચાર્જશીટ તારીખ | ૧૪/૦૮/૨૦૧૯ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૦૩/૦૩/૨૦૨૧ |
| પુરાવો ચાલુ થયા તારીખ | ૨૪/૧૨/૨૦૨૧ |
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ | ૧૭/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૩૦/૦૫/૨૦૨૬ |
| સજા, હુકમની તારીખ(લાગુ પડે તો) | |

## –:આરોપીની વિગતો:–

| ક્રમ | નામ | અરેસ્ટક ર્યા તારીખ | જામીન પર મુકત કર્યા તારીખ | ચાર્જ કરવામાં આવેલ ગુનાહીત કલમો | નિર્દોષ અથવા સજા | ટુંકી વિગત | સી.આર.પી. સી.નીકલમ –૪૨૮ મુજબ અટાકાયત કર્યાનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રશ્મીકાંત રતીલાલ શાહ. | ૩૧/૦૭ /૨૦૧૯ | ૩૧/૦૭ /૨૦૧૯ | ઈ.પી.કો કલમ– ૫૦૬(૧) મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. | | લાગુ નથી. |

## -:: FORM - C ::-

**➔ ફરીયાદપક્ષ તરફથી તેમના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.**

| **ક્રમ** | **આંક** | **નામ** | **પુરાવો આપનાર** |
|---|---|---|---|
| ૧. | ૦૬ | ચાંદનીબેન સુરજભાઈ શાહ | ફરિયાદી સાહેદ |
| ૨. | ૦૮ | ચંદનસિંહ હનુભા મંડોરા | સાહેદ |
| ૩. | ૧૦ | સનતભાઈ ભોગીલાલ સંઘવી | સાહેદ |

**➔ ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.**

| **ક્રમ** | **આંક** | **પુરાવાનું વર્ણન** |
|---|---|---|
| ૧. | ૭ | ફરિયાદી. |
| ૨. | ૯ | કલમ–૧૫૭નો રીપોર્ટ. |

**બ.બચાવપક્ષે સાહેદ લિસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| –––– | –––– | –––– |

**ક. કોર્ટપક્ષે સાહેદ લિસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| –––– | –––– | –––– |

**ફરિયાદપક્ષે/બચાવપક્ષે/ કોર્ટપક્ષે આંક**

**અ.ફરિયાદ.**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | --- | ---- |
| ૨ | --- | ---- |

**બ. બચાવપક્ષે આંક**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | --- | ---- |
| ૨ | --- | ---- |

**ક.કોર્ટપક્ષે આંક**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | --- | ---- |
| ૨ | --- | ---- |

**ડ.કબજે કરેલ મુદ્દામાલ.**

| અ.નં. | આર્ટિકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | --- | --- |
| ૨ | --- | ---- |

## // ચૂકા દો //

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે ફરિયાદી અગાઉ આનંદનગર પો.સ્ટે ખાતે ફ.ગુ.ર.નં.૧૩૮/૨૦૧૯ ઇ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૯૮(ક), ૧૧૪ મુજબની આરોપી વિરુધ્ધમાં દાખલ કરાવેલ જેથી તા.૦૫/૦૭/૨૦૧૯ના ક.૧૯:૦૦ વાગે

પાલડી, સુષ્ટી ફ્લેટ, પાંચમાં માળના પેસેઝમાં લીફ્ટ સામે ફરિયાદી તથા તેઓના પિતા ઉભા હતા તે વખતે આરોપીએ આવી ફરિયાદી તથા તેના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યા બાબતે ફરિયાદ ફરિયાદીએ પાલડી પો.સ્ટે.માં ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૬(૧) મુજબની ફરિયાદ કરતાં પોલીસે સે.ગુ.ર.નં. ૩૦૫૯/ ૨૦૧૯ થી ગુનો રજીસ્ટર કરેલ છે.

**(૨)** સદર કામે આરોપીને સમન્સ કરતા આરોપીને બજતા તેઓ તેમના વિ.વ.શ્રી મારતે હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સામે આંક–૨ થી તહોમતનામું ફરમાવી તથા આંક–૦૩ થી તેનું નિવેદન લેવામાં આવતા તેઓએ ગુના અંગેની હકીકતનો ઈનકાર કરતા સદર કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**(૩)** સદર કામે ફરિયાદપક્ષના પુરાવાના અંતે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો જણાતા તેઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે તેમાં તેઓને પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈનકારમાં જવાબ આપી, ખોટી ફરિયાદ આપી, ખોટો પુરાવો આપેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ તેઓએ વિશેષમાં જણાવેલ છે કે ફરિયાદી જણાવે છે તેવો બનાવ બનેલો નથી તેઓ આર્થિક, શારીરિક, માનસીક રીતે હેરાન કરવા ખોટી ફરિયાદ કરેલ છે. ત્યાર બાદ ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

આ કામે વિધ્વાન એ.પી.પી.શ્રી વી.બી. સોલકીએ દલીલ કરતા જણાવેલ છે કે, હાલના કામે ફરિયાદી ચાંદનીબેન સુરજભાઈનાઓએ આરોપી વિરુધ્ધ આંક–૦૭ થી ફરિયાદ આપેલ છે તેમજ આંક–૦૬ થી સોગંદ પર જુબાની આપેલ છે. ફરિયાદીએ પોતાની આંક–૦૭ ની ફરિયાદ તેમજ આંક–૦૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી કે જે ફરિયાદીના સસરા થાય છે. તેઓએ મારી નાખવાની ધમકી આપેલાનુ જણાવે છે તેમજ ફરિયાદી ચાં દનીબેન સુરજભાઈ શાહે આંક–૬ના પુરાવામાં બનાવ બનવાનુ કારણ આરોપી કે જે ફરિયાદીના સસરા થતા હતા. તેઓએ ફરિયાદીના પતિની ખોટી

સહીઓ કરી શેર ટ્રાન્સફર કરાવી લીધેલ. જે અનુસંધાને ફરિયાદીએ આરોપી વિરુધ્ધ ફરિયાદ કરતા હાલનો બનાવ બનેલાનુ જણાવેલ છે. તેમજ ફરિયાદપક્ષે સનતભાઇ ભોગીલાલ સંઘવીને આંક–૧૦થી તપાસ `લ છે. જેઓ ફરિયાદીના પિતા થાય છે. જેઓ પણ પોતાના પુરાવામાં બનાવના દિવસ અને સ્થળે આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલાનો પુરાવો આપેલ છે. તેમજ ફરિયાદપક્ષે ચં દનસિંહ હનુભા મંડોરાને આંક–૮થી તપાસેલ છે. જેઓ આ કામે તપાસનીશ અમલદાર છે. જેઓ પણ પોતાના પુરાવામાં આરોપી વિરુધ્ધ તપાસના અંતે પુરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલાનો પુરાવો આપેલ છે.

આ કામે આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એ.પી.મહેતા દલીલ કરતા જણાવે છે કે, આ કામે ફરિયાદીએ આંક–૭થી ફરિયાદ આપેલ છે. તેમજ આંક–૬થી સોગંદ ઉપર જુબાની આપેલ છે તેમજ ફરિયાદી ચાંદનીબેન સુરજભાઈ શાહ આંક–૭ની ફરિયાદમાં બનાવના સમયે તેઓના પિતા બનાવ સમયે હાજર હતા અને બનાવ તેઓની હાજરીમાં બનેલાનુ જણાવેલ નથી, પરંતુ ફરિયાદપક્ષે ચાંદનીબેન સુરજભાઈ શાહ આં ક–૬ના પુરાવામાં બનાવ સમયે તેઓના પિતા હાજર હોવાનુ જણાવેલ છે. તેમજ ફરિયાદપક્ષે સનતભાઈ ભોગીલાલ સંઘવીને આંક–૧૦થી તપાસેલ છે. જેઓ ફરિયાદીના પિતા છે. જેઓ પણ બનાવ તેઓની હાજરીમાં બનેલાનુ જણાવેલ છે. આમ હાલના કામે ફરિયાદીની આં ક–૭ની ફરિયાદ તેમજ આંક–૬ની સોગંદ ઉપરની જુબાની તેમજ આં ક–૧૦થી સનદભાઈ ભોગીલાલ સંઘવીએ પુરાવો આપેલ છે. જેમા ફરિયાદીના પિતા બનાવ વખતે હાજર હોવા બાબતે વિરોધાભાસી પુરાવો આપેલ છે. તેમજ આ કામે ફરિયાદપક્ષે બનાવવાળી જગ્યાના આજુબાજુ સ્વતંત્ર સાહેદો તપાસેલ નથી તેમજ તપાસનીશ અમલદાર ચંદનસિંહ હનુભા મંડોરાએ આંક–૮થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, સૃષ્ટિ ફલેટના ચોકીદારનુ નિવેદન તપાસના કામે લીધેલાનો પુરાવો આપેલ છે, પરંતુ હાલના કામે ફરિયાદપક્ષ ધ્વારા ચોકીદારને તપાસેલ

ન હોય. જેથી ફરિયાદપક્ષ પોતાનો કેસ મૌખિક પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય. આરોપીઓને નિર્દોષ ઠરાવી ચોડી મુકવાની અરજ ગુજારેલ છે.

**(૪)** આ કામે સદરહુ કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે ફરિયાદી અગાઉ આનંદનગર પો.સ્ટે ખાતે ફ.ગુ.ર.નં.૧૩૮/૨૦૧૯ ઇ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૯૮(ક), ૧૧૪ મુજબની આરોપી વિરુધ્ધમાં દાખલ કરાવેલ જેથી તા.૦૫/૦૭/૨૦૧૯ના ક.૧૯:૦૦ વાગે પાલડી, સુષ્ટી ફ્લેટ, પાંચમાં માળના પેસેઝમાં લીફ્ટ સામે ફરિયાદી તથા તેઓના પિતા ઉભા હતા તે વખતે આરોપીએ આવી ફરિયાદી તથા તેના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ- ૫૦૬(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**:: પુરાવાની ચર્ચા::**

**(૬) મુદ્દા નંબર :- ૧ અને ૨ અંગે :-**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બં ન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

**(૬.૧)** અદાલતે ફોજદારી કેસના ન્યાય-નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમ કોર્ટે ***કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)*** ના કેસમાં

પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરીયાદી પક્ષે આરોપી પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરીયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીનું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરીયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

૬) આરોપીએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

- સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ફોજદારી કેસ ની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ મુજબ Beyond Reasonable Doubt એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર 'Probebiltiy &

possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

- સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. "Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous" એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે.

**(૬.૨)** હાલના કામે ફરિયાદી ચાંદનીબેન સુરજભાઈ શાહ આરોપી વિરુધ્ધ આંક–૭થી ફરિયાદ આપેલ છે તેમજ ચાંદનીબેન સુરજભાઇ શાહ આંક–૬થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. તેમજ ફરિયાદી ચાંદનીબેન સુરજભાઈ શાહ આંક–૭ની ફરિયાદમાં બનાવ તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ સાંજના સાત વાગે તેમના પિતાના ઘરે જતા હતા તે સમયે આરોપી કે જે ફરિયાદીના સસરા થાય છે. તેઓએ પાંચમાં માળના પેસેજમાં ફરિયાદીને આગોત્રા જામીન અરજીમાં કેસ થયો નથી. તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપેલાનુ જણાવેલ છે. તેમજ ફરિયાદી ચાંદનીબેન સુરજભાઇ શાહ આંક–૬ના પુરાવામાં બનાવ તા.૦૫/૦૭/૨૦૧૯ના રોજ તેઓ તથા તેમના પિતા સનત ભોગીલાલ સંઘવી લીફટ પાસે ઉભા હતા તે વખતે ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ફરિયાદીના પિતાએ આરોપીને શાંત પાડવાનો પ્રયત્ન કરેલાનો પુરાવો આપેલ છે. આમ, હાલના કામે ફરિયાદી ચાંદનીબેન સુરજભાઈ શાહની આંક–૭ની ફરિયાદ તેમજ આંક–૬ની જુબાની જોતા બનાવ સમયે ફરિયાદીના પિતા બનાવ સ્થળે હાજર હોવાની બાબતે વિરોધાભાસી પુરાવો આપેલ છે એટલે કે ફરિયાદી આંક–૭ની ફરિયાદમાં બનાવ વખતે ફરિયાદીના પિતા હાજર હોય અને ફરિયાદીના પિતાએ આરોપીને શાંત પાડવાનો પ્રયત્ન કરેલો તે બાબતો જણાવેલ નથી. જેથી ફરિયાદી ચાંદનીબેન સુરજભાઇ શાહની આંક–૭ની ફરિયાદ તેમજ આંક–૬ની સોગંદ ઉપરની જુબાનીમાં મહત્તવનો વિરોધાભાસ જણાઇ આવે છે. તેમજ નામદાર સુધીમ કોર્ટે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે તેઓના

ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર ફરિયાદ પક્ષના પુરાવામાં એવો વિરોધાભાસ આવે કે જે વિરોધાભાસ ફરિયાદ પક્ષના મૂળને અસરકર્તા હોય તો તે સંજોગોમાં ફરિયાદ પક્ષનો વિરોધાભાસનો લાભ આરોપીને આપવાનો હોય છે, તેમજ નામદાર સુપ્રીમ કોર્ટે SYED IBRAHIM VS STATE OF A.P. SUPREME COURT 2006 INDIAW SC 348 ના ચુકાદામાં ઠરાવેલ છે કે,……

Undue importance should not be attached to omissions, contradictions discrepancies which do not go to the root of the matter and shake the b version of the prosecution witnesses. A witness cannot be accepted to posses photographic memory and to recall the deals of an incident verbatim. Ordinarily it so happens that a witness is overtaken by events. A witness could not have been anticipated the occurrence which very often has an element of surprise. The mental faculties cannot, therefore, be expected to be attuned to absorb all th details. Thus, minor discrepancies were bound to occur in the statement of witnesses.

In the deposition of witnesses there are always normal discrepancies however honest and truthful they may be. These discrepancies may be due to norm errors of observation, normal errors of memory, due to lapse of time, due t mental disposition such as shock and horror at the time of the occurrence and the like. Material discrepancies are those, which are not normal and not expected of a normal person.

આમ, હાલના કામે ફરિયાદીની આંક–૭ની ફરિયાદ તેમજ ફરિયાદી ચાંદનીબેન સુરજભાઈ શાહની આંક–૬ની સોગંદ ઉપરની જુબાનીમાં તેમજ ફરિયાદીના પિતા સનતભાઇ ભોગીલાલ સંઘવી આં ક–૧૦ના પુરાવામાં બનાવ સમયે ફરિયાદીના પિતા હાજર હોવા બાબતે વિરોધાભાસી પુરાવો આપતા હોય અને તે વિરોધાભાસ ફરિયાદપક્ષના મુળને અસરકરતા છે.

**(૬.૩)** તેમજ હાલના કામે આરોપી વિરુધ્ધ ઇ.પી.કો.કલમ– ૫૦૬(૧) મુજબનુ તહોમતનામુ ફરમાવેલ છે. તેમજ હાલના કામે ફરિયાદી ચાંદનીબેન સુરજભાઇ શાહ આંક–૭ની ફરિયાદમાં તેમજ આંક–૬ની સોગંદ પરની જુબાની તેમજ ફરિયાદપક્ષના ફરિયાદી ચાંદનીબેન સુરજભાઈઇ શાહના પિતા સનતભાઈ ભોગીલાલ સંઘવી આંક–૧૦થી પુરાવો આપેલ છે. જેઓ પોતાના પુરાવામાં બનાવ સમયે આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલાનુ જણાવેલ છે, પરંતુ હાલના કામે ફરિયાદપક્ષનો પુરાવો ફરિયાદ કર્યા બાદ ફરિયાદીએ રક્ષણ માંગતી અરજી પોલીસ સ્ટેશને કરેલ હોય, તેવુ રેર્કડ પર આવેલ નથી. આમ, ફરિયાદીની આવી ધમકીના કારણે ફરિયાદીને મૃત્યુનો ભય થયો હોય અથવા ફરિયાદીના રોજીંદા કાર્યકમ કે વ્યવહારમાં કે કોઈ કામકાજમાં અવરોધ થયો હોય તેવુ જણાતુ નથી. તેમજ આરોપીએ આપેલી આવી કહેવાતી ધમકીથી ફરિયાદીને કોઇ માનસિક અસર થઇ હોય અને ફરિયાદીને તાતકાલીક કોઇ ભય ઉભો થયો હોય તેમ પણ જણાતુ નથી. તેમજ આ કામના આરોપી તરફે નામદાર સુપ્રિમ કોર્ટનું બેરી મનોજ વિરુધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ ક્રિમિનલ અપીલ નં.૩૬૨/૨૨૬નું જજમેન્ટ રજુ કરેલ છે. જેમાં નામદાર સુપ્રિમકોર્ટે પેરા નં.૬માં ઠરાવેલ છે કે, In fact, we may quote with benefit the judgments of this Court in Naresh Aneja v. State of U.P., (2025) 2 SCC 604 and Sharif Ahmad v. State of U.P. (2024) 14 SCC 122, wherein it has been held that mere threats without intention to cause alarm do not constitute criminal intimidation under Section 506 of the IPC. In the instant

case, as could be seen from the records, the prosecutrix improved her statement which came to be recorded under Section 164 of the CrPC alleging that "two aunts and an uncle threatened" her which is a clear improvement from the statement recorded under Section 161 of the CrPC. This contradiction in timing of events create a serious doubt in the prosecution's version or in other words, the appellant's name suddenly surfaced after seven days through a vague reference to "an uncle" and thereby further weakening the prosecution's case. Even otherwise, mere expression of words, without any intention to cause alarm cannot amount to criminal intimidation. Hence, we are of the considered view that the allegation in the prosecutrix statement recorded under Section 164 of the CrPC would be insufficient in law to proceed against the appellant for being prosecuted under Section 506 of the IPC.

આમ, હાલના કામે ફરિયાદપક્ષનો રજુ થયેલ પુરાવો જોતા ફરિયાદીને ભય ઉભો થયેલ હોવાનુ તેવુ દર્શાવવા કોઈપણ ભય અથવા ડરની સ્પષ્ટ ગેરહાજરી દર્શાવે છે. આ કામે એવો પણ પુરાવો નથી કે ધમકીને કારણે ફરિયાદી ફરિયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે તે પોતાની ફરજનો કે રોજીંદી જીંદગી જીવા માટે શકિતમાન ન હોય આરોપી દ્વારા અપાયેલ ધમકીથી ફરિયાદીને કોઇ ભયની ચેતવણી મળેલ નથી. જેથી પણ ફરિયાદપક્ષ ગુનો સાબિત નિ:શંકપણે કરેલ નથી.

**(૬.૪)** હાલના કામે ચાંદનીબેન સુરજભાઈ શાહ આંક–૭થી ફરિયાદ આપેલ છે. તેમજ ચાંદનીબેન સુરજભાઈ શાહ આંક–૬થી સોગંદ ઉપર જુબાની

આપેલ છે. તેમજ ફરિયાદી આંક–૭ની ફરિયાદમાં તેમજ આંક–૬ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ સૃષ્ટિ ફ્લેટમાં બનેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ બનાવ ફ્લેટમાં બનેલ હોવા છતાં ફરિયાદીએ ફરિયાદપક્ષ દ્વારા બનાવવાળી જગ્યાના આજુબાજુના ફ્લેટમા રહેનાર સાહેદોને તપાસેલ નથી. ફરિયાદપક્ષે માત્ર સનતભાઈ ભોગીલાલ સંઘવીને આંક–૧૦થી તપાસેલ છે. જેઓ ફરિયાદીના પિતા થાય છે. તેમજ ફરિયાદપક્ષે ચંદનસિંહ હનુભા મંડોરાને આંક–૮થી તપાસેલ છે. જેઓ આ કામના। તપાસનીશ અમલદાર છે. જેઓની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ તપાસના કામે સૃષ્ટિ ફ્લેટના ચોકીદારનુ નિવેદ લીધેલ હોવાનુ જણાવે છે, પરંતુ ફરિયાદપક્ષે સૃષ્ટિ ફ્લેટના ચોકીદારને સાહેદ તરીકે તપાસેલ નથી તેમજ સુપ્રિમ કોર્ટના તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદમાં પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર પુરાવામાં જથ્થો નહીં પરંતુ પુરાવાની ગુણવતા ધ્યાને લેવાની હોય છે. તેમજ એક માત્ર ફરિયાદી અથવા ઈજાપામનારનો પુરાવો વિશ્વનીય અને આધારભુત જણાઈ તો કોર્ટ એક માત્ર ફરિયાદી તેમજ ઈજાપામનારના પુરાવારાના આઆધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ MASALTI VS STATE OF U.P., SUPREME COURT OF INDIA, 1964 INDIA LAW SC 393 ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે, ..

Trustworthy evidence given by a single witness would be enough to convict an accused person, whereas evidence given by half a dozen witnesses which is not trustworthy would not be enough to sustain the conviction, but where a criminal court has to deal with evidence pertaining to the commission of an offence involving a large number of offenders and a large number of victims, it is all to adopt the test that the conviction could be sustained

only if it is supported by two or three or more witnesses who give a consistent account of the incident. In a sense, the test may be described as mechanical; but it cannot be treated as irrational or unreasonable It is, no doubt, the quality of the evidence that matters and not the number of witnesses who give evidence. But sometimes it is useful to adopt a mechanical test.

આમ હાલના કામે અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરિયાદીને આંક–૭ની ફરિયાદ તેમજ આંક–૬ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ સમયે ફરિયાદીના પિતા હાજર હોવા બાબતે ખુબજ મહત્તવનો વિરોધાભાસ પુરાવો આપતા હોવાનુ જણાઈ આવે છે. તેમજ ફરિયાદપક્ષે બનાવવાળી જગ્યાના આજુબાજુના સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી. તેમજ અગાઉ ચર્ચા કરી તે મુજબ માત્ર ધમકી આપવી કે જે ધમકી કોઈપણ જાતના ઈરાદા વગર તેમજ રજુ થયેલ પુરાવો જોતા આરોપીએ આપેલ ધમકીને કારણે ફરિયાદી ફરિયાદ નોંધ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજો કે રોજીંદી જીંદગી જીવા માટે શકિતમાન ન હોય તેવો પુરાવો રેકર્ડ પર ન હોઈ જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ નીશંક પણે પુરવાર કરેલ નથી.

(૭) હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતાં ફરિયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેમજ ફરિયાદપક્ષ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર રજુ કરેલ શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય. તેમજ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ પર રજુ કરેલ નથી કે, જેથી આરોપીઓએ ફરિયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય

તેવું અનુમાન થઇ શકે. જેથી, ઉપર મુજબ મુદ્દા નંબર – ૦૧ નો નિર્ણય '' **નકારમાં** '' ઠરાવી મુદ્દા નંબર – ૦૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

- સદર કામે પાલડી પોલીસ સ્ટેશન સે ગુના રજી.નં. ૩૦૫૯/૨૦૧૯ થી, ક્રિમી. કેસ નં. ૭૬૫૨૪/૨૦૧૯ ના કામે આરોપી રશ્મીકાંત રતીલાલ શાહ, રહે. ૬૦૬, સુષ્ટી ફલેટ, સંજીવની હોસ્પિટલની ગલી, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૧) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાઓ માંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- સદરહુ ચુકાદા વિરુધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ–૪૩૭(એ)/ બી.એન.એસ.એસ.ની કલમ– ૪૮૧ ની જોગવાઈ મુજબ અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીના અગાઉના જામીન ન હોય તો તે સંજોગોમાં આરોપીએ રૂા.૫૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અપીલ સમયના નવા જામીનખત અને જાતમુચરકા રજુ રાખવા.

આ હુકમ આજ રોજ તા. ૩૦મી, માહે– મે , સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ :– અમદાવાદ.

તા.૩૦/૦૫/૨૦૨૬ ( કિર્તીકુમાર એમ. ગોહેલ )

૧૫ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં. ૨૨, અમદાવાદ શહેર.

UNIQUE CODE GJ – 01120

#J.D.BABARIYA#